''અજબ પ્રેમની ગજબ કહાની''

પતિના અવસાન સાથે પત્નિએ પણ સ્વર્ગની વાટ પકડી..!!!

''મારા વગર તું શું કરીશ'' તેવા પતિના જવાબમાં પત્નિએ ''તમારી પાછળ હું પણ આવીશ'' તેવા આપેલા સહજ કોલને હકીકતમાં નિભાવતા સ્વજનોમાં આઘાત, આશ્ચર્ય સાથે અહોભાવની લાગણી પ્રસરી

ગાંધીનગર, તા. ૨૯

ભારતીય સંસ્કૃતિમાં સપ્તપદીના સાત ફેરાં ફરતી વખતે લગ્નગ્રંથીથી જોડાવા જઈ રહેલા

વરવધુએ એકબીજાને કેટલાક વચન આપવાના હોય છે જેમાં પત્નિ પોતાના ''પતિના પગલે પગલે ચાલીશ'' તેવું વચન આપે છે. જો કે હિન્દી ફિલ્મી ગીતોમાં ગવાતા ''તેરે બીના ઇક પલ ભી જી ના શકુંગા'' જેવા કોલ તો વાત-વાતમાં પતિ-પત્નિ એકબીજાને આપી દેતાં અચકાતાં નથી પરંતુ આ કોલ કેટલાં નિભાવે છે તે તો રામ જાણે. જો કે ગાંધીનગરમાં તાજેતરમાં એક દંપતિએ આ કોલ નિભાવી એક જ દિવસે સ્વર્ગની વાટ પકડી સૌને અચંબિત કરી મૂક્યાં છે. શહેરના સેક્ટર-૨૪માં એક વ્યક્તિના અવસાન બાદ ગણતરીના સમયમાં તેની પત્નિએ પણ ''અનંતની વાટ'' પકડી લેતાં આશ્ચર્ય ફેલાયું છે.

સેક્ટર-૨૪માં રહેતા અભેસિંહ ભુરૂભા વાઘેલા કમળાના રોગનો શિકાર બન્યાં હતા અને તેમની સારવાર ચાલુ હતી તે દરમ્યાન એકવાર પોતાની વ્યથિત પત્નિનો હાથ પકડી ચિંતાતુર સ્વરે પુછી બેઠાં કે ''હું નહી હોઉં તો તુ શુ કરીશ..?'' અને આ સવાલના જવાબમાં તેમના પત્નિ ઈન્દ્રાબાએ જવાબ આપ્યો કે ''તમારા વગર હુ જીવી નહીં શકુ, હું પણ તમારી પાછળ આ દુનિયા છોડી દઈશ''

● અનુસંધાન પાન-૭ પર

મોબાઈલ ટાવરોના ભાડાની આવક મેળવવાનો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને અધિકાર છે

આ કર એ પંચાયતોનું સ્વભંડોળ છે અને તેની વસુલી માટે જરૂરી સ્પષ્ટતાઓ કરતા વિકાસ કમિશનર

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત સરકારના પંચાયત વિભાગે પણ મોબાઈલ ટાવર પર કર વસુલવાની સત્તા ગ્રામ પંચાયતોને સોંપી દીધી છે.

સરકારનો આ નિર્ણય હાઈકોર્ટના ચુકાદા પછી આવ્યો છે. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૦૦(૧)ના ખંડ(૧-ક)માં મોબાઈલ ટાવર પર કર લેવા અંગેની જોગવાઈ ૨૧-૮-૧૫ થી કરવામાં આવેલી છે. આ જોગવાઈને રાજ્યની વડી અદાલતમાં પડકારવામાં આવી હતી પરંતુ કોર્ટે જોગવાઈને કાયદેસરની ગણાવી છે અને તે પ્રમાણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મોબાઈલ ટાવર ઉપર કર લઈ શકે છે.

તાજેતરમાં સરકાર દ્વારા કરાયેલ નિર્ણય પછી વિકાસ કમિશનર દ્વારા જરૂરી સ્પષ્ટતાઓ સાથે આ બાબતે પુનઃ પત્ર પાઠવ્યો છે. વિકાસ કમિશનરે આ પત્રમાં ઉચ્ચક કર પંચાયતોને વસુલવાને બદલવાને બદલે ૧૯૬૪ના કર અને ફીના નિયમોના નિયત ફીમાં પંચાયત વિભાગના ૩૦-૧૧-૯૧ના જાહેરનામાથી ૫ ટકાનો અને જમીનો પરના કર જે નિશ્ચિત કર્યા છે તે પ્રમાણે વસુલવા જણાવ્યુ છે.

આ જોગવાઈઓની સ્પષ્ટતાઓ કરતા પત્રમાં મોબાઈલ ટાવર ઈન્સ્ટોલ કરવા સંબંધે અરજી મળ્યાની તારીખથી ૧ મહિનાની અંદર પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઈ મુજબ આપવાની રહેશે.

આ પત્રમાં જણાવ્યુ છે કે ટાવરના વાર્ષિક ભાડાની કિંમત ઉપર આધારિત કરના દર ન્યુનત્તમ વાર્ષિક ભાડાની કિંમતના ૫ ટકા અને અધિકતમ વાર્ષિક ભાડાની કિંમતના ૧૫ ટકા સુધી વસુલી શકાશે.

આ ઉપરાંત મૂડીરૂપી કિંમત ઉપર આધારિત કરના દર નિયત કરવાની પણ જોગવાઈ છે જેમાં ન્યુનત્તમ દર રૂ. ૧૦૦ અથવા તેના ભાગ માટે ૫૦ પૈસા અને અધિકત્તમ દરેક ૧૦૦ રૂ. અથવા તેના ભાગ માટે ૧૫૦ પૈસા લેખે વસુલી શકાશે.

વિકાસ કમિશનરે આ મુદ્દે તલાટીઓની માસિક મિટીંગમાં સમીક્ષા કરવા પણ તલાટીઓને સૂચના આપી છે. આ આવક એ પંચાયતોનું સ્વભંડોળ વધારનારી હોવાથી તેના પર ભાર મુકવામાં આવ્યો છે.

વરિષ્ઠ સનદી અધિકારી કે. કૈલાસનાથનની વધુ બે વર્ષનું એક્સટેન્શન

ગાંધીનગર, તા.૨૯

રાજ્યના મુખ્યમંત્રીના કાર્યાલયમાં ચીફ પ્રિન્સીપલ સેક્રેટરી તરીકે સેવા આપતા કે. કૈલાસનાથનને વધુ બે વર્ષ એક્સટેન્શન આપતા હુકમો આજે કરાયા હતા. મુખ્યમંત્રીની સાથે તેમનો કાર્યકાળ પુરો થશે.

શ્રી કૈલાસનાથન રાજ્યના વિકાસના શિલ્પી માનવામાં આવે છે. તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આદેશ અનુસાર તેઓ છેલ્લા છેલ્લા સાતેક વર્ષથી આ હોદ્દાનો કાર્યભાળ સંભાળે છે. સચિવાલયના વહીવટી માર્ગદર્શક એવા કૈસાલનાથન રાજ્યની ઝીણામાં ઝીણી ગતિવિધિથી હંમેશા અવગત હોય છે.

રેતી ચોરીની પ્રવૃતિ સામે તંત્રની લાલ આંખ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ચાલતી ગેરકાયદે રેતી ખનનની પ્રવૃતિ સામે તંત્રએ લાલ આંખ કરી છે. આજે જિલ્લામાંથી વધુ બે ટ્રેક્ટર ચોરી કરતા પકડાઈ જવા પામ્યા છે. એક ટ્રેક્ટર જે ચિલોડા નજીકથી ચોરી કરી પસાર થતુ હતુ તેને ભૂસ્તર તંત્રની ટીમે પકડી પાડેલ છે. જ્યારે બીજુ ટ્રેક્ટર માણસા તાલુકામાં માણસા મામલતદાર દ્વારા પકડવામાં આવ્યુ છે. ગેરકાયદે રેતી ખનન અંગે ગ્રામસભાઓ જે નદી કિનારાના ગામોમાં થઈ ત્યાં આ પ્રશ્ન વારંવાર રજુ થયો છે. પહેલા ગાંધીનગર મામલતદારે રેઈડ કરી અને ટ્રેક્ટર પકડી પેથાપુર પોલીસને હવાલે કર્યા હતા. છેલ્લા પંદર દિવસમાં જ પાંચ જેટલા વાહનો રેતી ચોરીમાં પકડાઈ જવા પામ્યા છે જે નોંધનીય છે.

જિલ્લામાં ગેરકાયદે રેતી ખનન એ તંત્ર માટે પણ હવે ચિંતાનો વિષય બન્યો છે. એક તબક્કે નદીના પટ વિસ્તારમાં પોલીસ તંબુ ઉભા કરવા તંત્રએ મન બનાવ્યુ હતુ પરંતુ પાછળથી આખી વાત પર પડદો પડી જવા પામ્યો છે.

આર ટી ઓ કચેરીમાં અડ્ડો જમાવતા એજન્ટો સામે પોલીસ ફરિયાદ કરાશે

કર્મચારીઓની જગ્યો બેસી જતા એજન્ટો સામે આર ટી ઓ કડક વલણ અપનાવશે : જવાબદાર કર્મચારી સામે પણ પગલા લેવાશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર આર ટી ઓ કચેરીને એજન્ટ પ્રથામાંથી મુક્ત કરવા માટે અનેક પ્રયાસો કરવામાં આવ્યા છતા કચેરીમાં રોજબરોજ એજન્ટો અડ્ડો જમાવી બેસે છે. આર ટી ઓ કચેરીના અધિકારીઓ પણ એજન્ટોથી ત્રાસી ગયા છે. એજન્ટો કર્મચારીઓની જગ્યાએ બેસી જાય છે અને તેમના કામ કરવાની ફરજ પાડે છે. જેના લીધે આર ટી ઓ કચેરીની કામગીરી પણ ખોરંભે ચઢે છે. જયારે આ સ્થિતિને નિવારવા માટે અધિકારીઓ આકસ્મિક ચેકીંગ કરશે. જેના અંતે અનઅધિકૃત વ્યકિતઓ કર્મચારીઓની પાસે બેઠા હશે તો કર્મચારીઓ વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

નગરના ગ માર્ગ પર સ્થિત હાઈટેક કહેવાતી આર ટી ઓ કચેરી હજુ પણ એજન્ટ પ્રથાના ભરડામાં છે. જયારે આર ટી ઓ કચેરીમાંથી એજન્ટ પ્રથા નાબુદ કરવા માટે અનેકવાર પરિપત્રો પણ કરવામાં આવ્યા છે. આમછતા એજન્ટો કચેરીમાં આવી પોતાના કામ કરાવી જાય છે. જેના કારણે સામાન્ય નાગરિકોનુ કામ

ખોરંભે પડે છે. આવી સ્થિતિમાં ગાંધીનગર સહાયક પ્રાદેશિક વાહનવ્યવ્હાર અધિકારી દ્વારા એજન્ટ પ્રથાને ડામવા પરિપત્ર જારી કરાયો છે. જેથી હવે એજન્ટ પ્રથા નાબુદ કરવા માટે કડક વલણ અપનાવાશે. આર ટી ઓ કચેરીમાં બિનઅધિકૃત વ્યકિતઓ ન આવે તેવી વ્યવસ્થા ગોઠવાશે. જયારે કર્મચારીઓની જગ્યાએ એજન્ટો બેસી જતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેના લીધે કર્મચારીઓની કામગીરીમાં ખલેલ પહોંચે છે. ત્યારે આવા કિસ્સામાં એજન્ટ વિરુધ્ધ પોલીસ ફરિયાદ કરવાનુ પણ નક્કી કરાયુ છે. બીજીતરફ આવા એજન્ટો કર્મચારીઓની આજુબાજુ બેઠા હશે તો સંબંધિત કર્મચારી સામે પણ પગલા લેવામાં આવશે. આર ટી ઓ કચેરીમાંથી એજન્ટ પ્રથા દુર કરવા આગામી દિવસોમાં સરપ્રાઈઝ ચેકીંગ કરાશે.

સેવાસેતુને નબળો પ્રતિસાદ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમને નબળો પ્રતિસાદ મળતાં તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે.

આ કાર્યક્રમ દરમ્યાન ડાયાબીટીસ અને બ્લડપ્રેશરની સેવાનો ૫૮૭ લોકોએ લાભ લીધો હતો. જે શહેરના સેક્ટરોના સરકારી દવાખાનાઓ બંધ થતાં ઉભી થયેલી સ્થિતિનો ચિતાર આપે છે. આ કાર્યક્રમમાં ટી.બી.ના બે શંકાસ્પદ કેસ પણ મળી આવ્યા હતા જેમને ગાંધીનગર સિવિલમાં રિફર કરવામાં આવેલ છે.

જીલ્લામાં ૨જી ડિસેમ્બરથી પ્રધાનમંત્રી 'માતૃવંદના' યોજના સપ્તાહ ઉજવાશે

જિલ્લામાં ૧૪ હજારથી વધુ લાભાર્થીઓને આ યોજના અંતર્ગત ૬.૩૦ કરોડની સહાય ચુકવાઈ છે

ગાંધીનગર, તા. ૨૯

આગામી તા. ૨ ડિસેમ્બરથી ૧૦ ડિસે. ૨૦૧૯ દરમ્યાન પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાનુ ખાસ સપ્તાહ ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સુપોષિત અને વિકસીત નારીની થીમ પર આ સપ્તાહની ઉજવણી કરવાનુ આયોજન મહિલા અને બાળ વિકાસ સમિતિ દ્વારા કરવામાં આવ્યુ છે. ૧લી જાન્યુઆરી ૨૦૧૭ થી જિલ્લામાં પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અમલી બનાવાવમાં આવી છે. આ યોજના અંતર્ગત પ્રથમ પ્રસુતિ વેળાએ સગર્ભા મહિલાને ત્રણ હપ્તામાં રૂ. પાંચ હજારની સહાય ચુકવવામાં આવે છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૦૧૯-૨૦ના નાણાંકીય વર્ષમાં જિલ્લાની ૩૬૪૯ લાભાર્થી માતાઓને રૂ. ૨ કરોડથી વધુનો લાભ આપવામાં આવેલ છે. ૨૦૧૭-૧૮ અને ૧૮-૧૯ દરમ્યાન ૧૪,૬૬૪ મહિલા લાભાર્થીઓને રૂ. ૬.૩૦

● અનુસંધાન પાન-૭ પર

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પાઈપલાઈન અપગ્રેડ કરવાનુ કામ અટવાયુ

ગામોમાં પાણીનો બોર , ઓવરહેડ ટાંકી અને સંપના નિર્માણ બાદ પાઇપલાઇનનુ કામ હજુ અધ્ધરતાલ : પાણીનો ફોર્સ વધારવા પાઇપલાઇન અપગ્રેડ કરવા માંગ

ગાંધીનગર તા ૨૯

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા માટે નવો બોર , ટાંકી તેમજ સંપ નિર્માણની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ ગામોમાં પાણીને સપ્લાય કરતી પાઈપલાઈન અપગ્રેડ કરવા માટે હજુ સુધી કોઈ આયોજન થઈ શક્યુ નથી ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં શહેરમાં સમાવિષ્ટ ગામોમાં પાણીનો પ્રશ્ન પેચીદો બને છે. જયારે વર્ષો જુની પાઈપલાઈન પણ પાણીની સમસ્યા માટે જવાબદાર હોવાનુ મનાઈ રહ્યુ છે.

શહેરી વિસ્તારના ગામોમાં છેલ્લા ઘણાં સમયથી પાણીની સમસ્યા છે. પાણીની સમસ્યા પાછળ ગામોની ટોપોગ્રાફી પણ જવાબદાર છે. ગામના કેટલાક વાસ કે વિસ્તારમાં પાણી ફોર્સથી આવતુ હોય છે. જયારે કેટલાક વિસ્તારમાં પાણી નસીબ ન થતુ હોવાની ફરિયાદો પણ વારંવાર ઉઠવા પામે છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં શહેરી વિસ્તારના ગામોમાં પાણીના પ્રશ્ને બેડાયુધ્ધની સ્થિતિ સર્જાય છે. અનેકવાર ગામની મહીલાઓએ પાટનગર યોજના વિભાગના તત્ર સમક્ષ માટલા ફોડીને વિરોધ પ્રદર્શિત કર્યો છે. થોડા સમય અગાઉ પણ મહીલાઓએ પાણી ન આવતુ હોવાના મામલે આકોશ વ્યકત કર્યો હતો. શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યાને ડામવા માટે પ્રથમ તબક્કામાં તંત્ર દ્વારા પાણીનો નવો બોર અને ત્યારબાદ ઓવરહેડ ટાંકી અને અન્ડર ગ્રાઉન્ડ સંપ બનાવાનુ આયોજન કરાયુ હતુ. શહેરમાં સમાવિષ્ટ પાલજ બાસણ , બોરીજ ઈન્દ્રોડા ધોળાકુવા સહીતના ગામોમાં આ કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે બોર તેમજ ટાંકીની કામગીરીના અંતે પાઈપલાઈન નાંખવાનુ આયોજન પણ કરાયુ હતુ ગામોમાં હાલની

● અનુસંધાન પાન-૭ પર

ગટરનું ગ્રહણ - આજકાલ ગાંધીનગરને ગટરનું ગ્રહણ લાગ્યું છે... ક્યાંક ગટર ઉભરાય છે... ક્યાંક કચરો ફસાયો છે... ક્યાંક ગટરના ઢાંકણા ચોરાયા છે... અને ક્યાંક ગટર માટે મોટામસ ખાડા ખોદાયા છે... ગાંધીનગરમાં અત્ર-તત્ર-સર્વત્ર ગટરના જ પ્રશ્નો છવાયેલા છે... શહેરના ગ-માર્ગ પર ગ-૩ સર્કલની નજીક ગટરનું ઢાંકણું તૂટી જવાથી દુર્ઘટનાનો ભય સેવાઈ રહ્યો છે... રાહદારીઓએ સતર્કતા માટે ઝાડની ડાળીઓ નાખી નાગરિક ધર્મ બજાવ્યો છે.... પરંતુ તંત્ર ક્યારે અહીં પહોંચીને ગટરનું નવું ઢાંકણું નાખશે એની રાહ જોવાઈ રહી છે... જોકે માર્ગ પરની ગટરોની એક સમસ્યા એ રહેલી છે કે, એક ઢાંકણું નાખે તો બીજી કોઈ જગ્યાએ ગટરના ઢાંકણા તૂટી જતા જોવા મળે છે... આ સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવી તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે...

સરકારી અને તમામ ગ્રાન્ડેટ શાળાઓમાં હવે માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ પણ એકમ કસોટી આપવી પડશે

ધો -૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓને પણ એકમ કસોટી આપવાની રહેશે : શાળાના આચાર્યો દ્વારા અપાયેલા પ્રશ્નપત્રોના જવાબ માટે અલગ નોટબુક તૈયાર કરવાની રહેશે

ગાંધીનગર તા ૨૯

સરકારી પ્રાથમિક શાળાઓમાં લેવાતી એકમ કસોટી હવે માધ્યમિક શાળાઓમાં પણ લેવાશે. સરકારી પ્રાથમિક શાળાઓમાં એકમ કસોટી લેવામાં આવે છે. જયારે અગાઉ દર સપ્તાહે વિવિધ વિષયોની પરીક્ષા લેવામાં આવતી હતી. જયારે હવે દર પંદર દિવસે એકમ કસોટી લેવાશે. સરકારી ગ્રાન્ટેડ શાળાના ધો -૯ અને ધો -૧૦ના વિદ્યાર્થીઓની સાપ્તાહિક પરીક્ષા યોજાશે.

શિક્ષણને વધુ અસરકારક બનાવવા માટે શિક્ષણ પ્રણાલી તેમજ ગુણવત્તા સુધારવાના આશયથી એકમ કસોટીનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. પ્રથમ સપ્તાહમાં અઠવાડીક લેવાતી આ કસોટી હવે પંદર દિવસે લેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.જયારે સર્વ શિક્ષા અભિયાન દ્વારા ધો -૩ થી ૮ માં લેવાતી આ એકમ કસોટી હવે તમામ ગ્રાન્ટેડ શાળાઓમાં પણ લેવાશે. સરકારી પ્રાથમિક શાળાઓની સાથે ગ્રાન્ટેડ શાળાઓમાં દર પંદર દિવસે એકમ કસોટી યોજવામાં આવશે. જયારે આ સાથે માધ્યમિક વિભાગમાં પણ પિરિયોડિકલ એસેસમેન્ટ ટેસ્ટ એટલે કે એકમ કસોટી લેવામાં આવશે. સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના ધો -૯ અને ધો -૧૦માં વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા ચકાસણી અને અભિવૃધ્ધિ માટે હવે આવતીકાલથી આ એકમ કસોટી લેવાશે. જેને અનુલક્ષીને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પરિપત્ર પણ કરી દેવાયો છે.તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને આ બાબતે જાણ પણ કરી દેવામાં આવી છે. આ કસોટીના પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓને હાર્ડકોપીમાં સંબંધિત શાળના આચાર્યોને આપવાના રહેશે. જયારે વિદ્યાર્થીઓએ પણ અલગ નોટબુક બનાવીને તેમાં પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી જગદીશચંદ્ર માણેકલાલ વ્યાસ (નિવૃત્ત પુરવઠા અધિકારી,ગાંધીનગર) તા.૨૮-૧૧-૧૯ને ગુરૂવારના રોજ કૈલાશવાસ પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧-૧૨-૧૯ને રવિવારે સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પૂર્ણમ રેસીડેન્સી, પ્રોમીનન્ટ હોટલ રોડ, કુડાસણ, ગાંધીનગર. મો. ૯૭૨૭૪ ૬૨૧૫૯, ૯૮૯૮૧ ૨૫૨૭૨

કલ્પેશ જગદીશચંદ્ર વ્યાસ
રિતેષ જગદીશચંદ્ર વ્યાસ
તૃપ્તિ સુધીરકુમાર દવે
તથા માણેકલાલ ગોવિંદજી વ્યાસ પરિવાર

સાસરી પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
લિ. વિનુભાઈ રતિલાલ શુક્લ,
પ્રિયવદન રતિલાલ શુક્લ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ
હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)

જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે,
સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com